# જાહેર વિજ્ઞાપન

આથી સર્વે સંબંધિતોને જાણ કરવામાં આવે છે કે, રાજયમાં હાલમાં નોવેલ કોરોના વાઇરસ (Covid-19) ના સંક્રમણને નિયંત્રણમાં લેવાના થતા નિવારાત્મક પગલાઓ અન્વયે કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી, બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (પીએમસીસી હોલ) ખાતે એમ.બી.બી.એસ. તથા સીપીએસ ઉમેદવારોને નિમણુંક આપવા માટે દર મંગળવારે યોજાતા વોક-ઇન ઇન્ટરવ્યુ હાલ પુરતા બીજો આદેશ ન થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવેલ છે.

વધુમાં સરકારી મેડીકલ કોલેજના બોન્ડેડ ઉમેદવારો તથા સીપીએસ ઉમેદવારો રૂબરૂમાં અત્રેની કચેરી ખાતે ઉપસ્થિત રહીને નિમણુંક મેળવવા રજુઆત કરતા હોય છે, તેવા બોન્ડેડ તથા સીપીએસ ઉમેદવારોની પણ નિમણુંક પ્રક્રિયા હાલ પુરતા બીજો આદેશ ન થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવેલ છે.

વધુમાં ઉકત બોન્ડેડ,કરાર, સીપીએસ ઉમેદવારોની ઓન-લાઇન ભરતી પ્રક્રિયા કરવા અંગેની વેબસાઇટ (ઓન લાઇન પોર્ટલ) બનાવવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે, જે ટુંક સમયમાં પૂર્ણ થનાર હોય, તે અંગેની જાણ અલગથી કરવામાં આવશે.

પૂછપરછ માટે ટેલિફોન નંબરઃ-
(સવારે ૧૧-૦૦ થી સાંજના ૫-૦૦)
-કચેરી અધિક્ષકશ્રી, ૦૭૯-૨૩૨-૫૩૨૭૩,

ચીફ પર્સોનલ ઓફીસર,
આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી
શિક્ષણ(આરોગ્ય વિભાગ) ગાંધીનગર

Scanned with CamScanner